શ્રી દક્ષિણામૂર્તિ બાળસાહિત્ય

## ચાલો પ્રવાસે ગ્રંથમાળા

બાળપ્રવાસો
ગુજરાત–મહારાષ્ટ્ર
દાદા દર્શને
ગિરિ શિખરો
આફ્રિકા સાંભર્યું
ફરવા જઈએ
રોજનીશી
ખળાવાડ અને

આવા અન્ય રસ ભરપૂર
નીચેના સેટો પણ વસાવો

હાસ્ય વિનોદ ગ્રંથમાળા
ગાતી ગ્રંથમાળા
અવલોકન ગ્રંથમાળા
રહસ્યકથા ગ્રંથમાળા
કથાનાટ્ય ગ્રંથમાળા
પશુપક્ષી ગ્રંથમાળા
જીવનચરિત્ર ગ્રંથમાળા
જ્ઞાનવર્ધક ગ્રંથમાળા
પાઠપોથી ગ્રંથમાળા

સેટનું મૂલ્ય રૂ. ૧૬–૦૦

આર. આર. શેઠની કંપની
મુંબઈ–૨ □ અમદાવાદ–૧




શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

# ચાલો પ્રવાસે

## ગ્રંથમાળા

સંપાદકો: ગિજુભાઈ
અને તારાબેન

# ગિરિ શિખરો



શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

સંપાદકો : શ્રી ગિજુભાઈ અને તારાબહેન

## ચાલો પ્રવાસે ગ્રંથમાળા

•

# ગિરિશિખરો

લેખક
ગિજુભાઈ

આર. આર. શેઠની કંપની
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨ : ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ–૪૦૦ ૦૦૨
અમદાવાદ–૩૮૦ ૦૦૧

© પ્રકાશકના

પુનઃસંપાદિત
પુનર્મુદ્રણ
જાન્યુઆરી ૧૯૮૨

પ્રત : ૧૧૫૦

સેટનું મૂલ્ય રૂા. ૧૬–૦૦
[ આઠ પુસ્તકો ]

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી
સોનગઢ ૩૬૪૨૫૦

# ઊંચો ગઢ ગિરનાર

: ૧ :

રેલગાડીના ડબ્બામાં અડધી ઊંઘતી અડધી જાગતી હું પડી હતી.

નાની શારદા એકાએક બોલી: "બા બા! આ પેલો ગિરનાર; આ પેલો; પે....લો!"

કૂદકો મારીને બાલુ બારી પાસે ગયો. "ક્યાં છે ગિરનાર? ક્યાં છે?"

સૂઈ રહેલાં વાણિયો ને વાણિયણ ઝટ દઈને ઊઠયાં ને ભાવથી ગિરનારની વંદના કરી.

માજીએ હાથ જોડીને માથું નમાવ્યું: "જય અંબા મા! જય ભવાની!"

ખૂબ બેઠેલા બાવાજીએ ગર્જના કરી: "જય ગોરખનાથ! જય ગુરુ દત્તાત્રય! જય દત્તાદિગંબર, જય!"

મેં બારીમાંથી જોયું ને મનમાં ગણગણી: ખરેખર! બરાબર જ ગાયું છે–

**"ઊંચો ગઢ ગિરનાર, વાદળથી વાતું કરે"**

મોટો ભવ્ય ગિરનાર! એકેએક ટૂંક વાદળ

સાથે જાણે કે વરસોની જૂની વાતો કરતી હતી. દેશદેશથી આવેલાં વાદળાંઓ, ને જુગજુગનો જૂનો જોગી ગિરનાર: બંનેએ કેટલું ય જોયેલું, ને કેટલી યે વાતો કરવાની!

"બાલુ, શારુ! જુઓ. વાદળાં અને ગિરનાર કેવી વાતો કરે છે!"

બાલુ કહે: "પણ બા! આ ઘડીકમાં બધી ટૂકો વાદળાંમાં ઢંકાઈ ગઈ."

મેં કહ્યું: "એ તો જૂના દોસ્તો ખરા ને! વાતો કરતાં કરતાં બહુ હેત આવ્યું એટલે ભેટી પડયાં."

"હું વાત કરતાં કરતાં તને ભેટી પડું છું એમ; ખરું?" એમ કહી શારદા મને ભેટી પડી. ડબ્બાનાં માણસો શારદાની સામે જોઈ રહ્યાં.

: ૨ :

જૂનાગઢ પાસે આવતું હતું.

શારદા ને બાલુનો વાદ ચાલતો હતો.

શારદા કહે: "ગિરનારથી ઊંચો ડુંગરો હોય નહિ તો!"

બાલુ કહે: "નહિ કેમ? હિમાલય

ટૂક–ટોચ; શિખર



ગિરનારથી ઊંચો."

શારદા કહે: "તેં ક્યાં હિમાલય જોયો છે? અમસ્થી મોટી વાતો કરે છે."

બાલુ કહે: "પણ માસ્તરે કહ્યું છે કે દુનિયા આખીમાં હિમાલય સૌથી ઊંચો."

શારદા કહે: "ઊંચો હોય તો ભલે હોય; પણ ગિરનારથી તો નહિ જ. નજરે જ જો ને, આ ગિરનાર કેટલો બધો ઊંચો છે?"

બાલુ ચિડાયો ને મારી પાસે આવ્યો. "જો ને બા! શારદા?"

મને હસવું આવ્યું. બાલુ પણ હસ્યો. શારદાએ ફરીથી ભાર દઈ ને કહ્યું: "જો જો, આ કેટલો બધો ઊંચો છે? બસ, ગિરનાર જ ઊંચો છે!"

મોં ફેરવી બાલુએ પૂછયું: "બા! પહેલાં તો આ ભૂરો દેખાતો હતો ને હવે પાછો કાળો કેમ દેખાય છે?"

"એ તો ફરતી ઝાડીને લીધે કાળો લાગે છે. દૂરથી ભૂરો દેખાય; સાવ પાસેથી વળી જુદો દેખાશે. પાસે જઈશ ત્યારે ખબર પડશે. દૂરથી ડુંગર તો જુદા જ દેખાય. જો, પણે દૂર દૂર છે

તે કેવા લાગે છે?"

બાલુ કહે: "એ તો રાખના ઢગલા છે."

શારદા કહે: "ના રે, એ તો વાદળાં છે."

મેં કહ્યું: "લ્યો, બેઉનું બાખલું! બંનેનું ખોટું. એ તો ડુંગરા છે; દૂરથી એવા લાગે."

મારી પાસે બેઠેલાં ડોશીમા બોલ્યાં: "કહે છે ને, દૂરથી ડુંગર રળિયામણા!"

બાલુ ને શારુ બારી પાસે જઈને ડુંગરા જોતાં બેઠાં.

એટલામાં તો સ્ટેશન આવ્યું: "જૂનાગઢ, જૂનાગઢ!"

અમે સૌ ઊભાં થયાં.

: ૩ :

ગિરનારની તળેટી એટલે એકલી ધર્મ-શાળાઓ ને મંદિરો.

અમે મંદિરો ઠીક ઠીક જોઈ વળ્યાં; પછી ફરતાં ફરતાં એક રામજીમંદિરે ગયાં. રામજી-મંદિર ઉપર કેટલા યે વાંદરા હતા; હૂકાહૂક કરતા હતા.

મંદિરનો બાવો કહે: "ડરના નહિ, યે રામચંદ્રજી કી સેના હૈ. હનુમાનજી બડા સેવક



થા. રામચંદ્રજી કા બાસ હોવે વાં બંદર ભી હોવે ના! કયું ન હોવે? ચલે આઓ અંદર."

અંદર જઈ બાવાજીએ ભજનની ધૂન માંડી. મોટા બાવાજીના હાથમાં મોટા મોટા ઝાંઝ હતા. એકના હાથમાં કરતાળ ને એકના હાથમાં મંજીરાં હતાં. એક નાનો બાવો તાલમાં ઘંટ વગાડતો હતો.

બરાબર ધૂન જામી. અમે પણ એમાં ભળી ગયાં.

"રઘુપતિ રાઘવ રાજારામ,
પતિતપાવન સીતારામ
રઘુપતિ રાઘવ રાજારામ,
પતિતપાવન સીતારામ."

બાવાજી તો ગાતા જાય ને ઊછળી ઊછળીને ગવરાવતા જાય.

અમે બધાં તાળીઓ પાડતાં જઈએ ને ઝીલતાં જઈએ. આરતી પછી પ્રસાદી મળી ને 'રામચંદ્રજી કી જે!' 'સીતા મૈયા કી જે!' 'લક્ષ્મણજી કી જે!' 'હનુમાનજી કી જે!' કરતાં અમે પાછાં વળ્યાં ને તળેટીમાં રાત રહ્યાં.

રાત્રે કાંઈ શોભા!

ચાંદનીમાં એ મંદિરો તો જાણે ચોખ્ખી ચાંદીનાં બન્યાં ન હોય!

ગિરનાર પોતે પણ કેટલો બધો શાંત ને ગંભીર! જાણે ધોળી જટાવાળો જોગી ધ્યાનમાં બેઠો. ન હલે કે ન ચલે. જાણે કે સામે જોતાં થંભી જઈએ એવો એનો પ્રતાપ.

ઊંચે જોઈ આંગળી ચીંધી છોકરાંઓને મેં કહ્યું: "આ પેલું અંબાજીનું મંદિર. આપણે કાલે ત્યાં જવું છે."

શારદા ને બાલુ ઊંચી ડોકે જોઈ રહ્યાં.

શારદા કહે: "આટલે બધે ઊંચે? બાપ રે! કેમ ચડાશે?"

બાલુ કહે: "હું તો આમ કૂદતો કૂદતો ચાલ્યો જઈશ. કેમ બા! હું પાલિતાણાનો શેત્રુંજો ચડચો હતો કે નહિ?"

શારદા કહે: "હું યે પાલિતાણે ગ'ઈતી."

બાલુ કહે: "અરે તું તો થાકી ગઈ'તી; પછી પેલા મજૂરે તને ઊંચકી લીધી હતી."

"ને નાનો હતો ત્યારે તું નહિ થાકતો હોય, કેમ!"

"પણ હવે કાંઈ થાકવાનો?"



"હું પણ નહિ થાકવાની તો! આમ દોડતી જાઉં, કાલ પડવા દે."

: ૪ :

અમે ડુંગરો ચડવા લાગ્યાં.

પરોઢિયાનું ઝાંખું અજવાળું હતું. પગથિયાં બરાબર દેખાતાં ન હતાં. માણસોનાં મોં સૂઝતાં ન હતાં.

બે બાજુએ ગીચ વન. સીતાફળીનાં ફૂલોથી ડુંગર આખો મહેકી રહ્યો હતો.

આગળ ચડયાં.

લીલા વનની લીલી લીલી શોભા! આંખ ઠરતી હતી. પાછી મધુર સુગંધ આવી. એ તો પારિજાતકની સુવાસ. અહીં તો પારિજાતકનું જ રાજ્ય. એકલાં પારિજાતક જ.

જરા આગળ ચાલ્યાં.

ત્યાં તો વનફળો ને વનલતા! પીળાં, જાંબલી ને કેટલી યે જાતનાં વનફૂલો!

શારદા ને બાલુ તો વીણતાં જાય ને ચડતાં જાય; ભેગાં કરતાં જાય ને મને આપતાં જાય.

તળેટીની પહેલી ટેકરી તો ચડયાં. બધાં કહે: "ઓહો, ગિરનાર ચડવો એમાં શું?

અહીં તો બાંધેલાં પગથિયાં છે!"

બધાં પાછાં ચડવા લાગ્યાં.

પણ હવે આવવા લાગ્યા ઊભા ઢાળ.

થોડુંક ચડીને શારદા તો પગથિયાં ઉપર બેસી જ ગઈ. બાલુનો ચહેરો લાલ થઈ ગયેલો હતો; તે હાંફતો હતો. મારી બહેન તો શારદા સાથે જ બેસી ગઈ! મારા પગ પણ ભરાઈ ગયા હતા. અમે સૌ ઊભાં રહ્યાં ને એકમેકની સામે જોઈ હસી પડયાં. ઘડીકમાં જ અમને ખબર પડી કે ગિરનાર ચડવો કાંઈ સહેલો નથી.

સારું થયું કે ડોળીવાળા ને મજૂર મળી ગયા. ચૂપચાપ શારદા ને તેની માશી ડોળીમાં બેસી ગયાં. મજૂરોને પોટકાં આપી ધીમે ધીમે થાક ખાતાં ખાતાં અમે સૌ ઉપર ચડવા લાગ્યાં.

માંડ માંડ ત્રણ ચાર કલાકે ઉપર પહોંચ્યાં.

અમને થયું: "પહેલી ટ્રૂક, પહેલી ટ્રૂક! હાશ! પહોંચી ગયાં."

: ૫ :

જરા વારમાં અંબાજી પહોંચ્યાં. નાળિયેર

ડોળી=ઊંચકી લઈ જવા માટે એક તરહની બે કે ચાર માણસો ઉપાડીને ચાલે તેવી ઝૂલતી માંચી.



વધેર્યાં. માતાનાં દર્શન કરી પગે લાગ્યાં. શેષ લઈ સૌ અગાશીમાં આવ્યાં.

પવન તે કાંઈ પવન! ઠંડો ને મીઠો. પણ એટલો જોસથી વાય કે જો બરાબર ધ્યાન ન રાખીએ તો પડી જવાય.

શારદા ડોળીમાં આવેલી એટલે એના પગ સાજા હતા. એ તો લાગી નાચવા ને કૂદવા!

પણ બાલુ તો થાકયો હતો. એ તો બેઠો બેઠો હાથ જ નચાવવા લાગ્યો, ને ગાવા લાગ્યો.

"વાહ!" અમારું મન બોલી ઊઠયું. "વાહ! ગિરનાર તે ગિરનાર. જેવો તેવો હોત તો સિદ્ધરાજ સામે આટઆટલાં વર્ષો કાંઈ ટકત?"

અગાશીમાંથી ચારે તરફ જોવા લાગ્યાં.

કેવો અદ્‌ભુત દેખાવ!

નીચે પથરાયેલું જૂનાગઢ શહેર: જાણે ભરત ભરેલા રંગબેરંગી ગાલીચાના કટકા! ને પેલાં લીલાં લીલાં ખેતરો? મોટાં ખેતરો પણ જાણે નાના નાના ચાકળા!

શારદા તો છેતરાઈ જ ગઈ! એને તો ખબર જ નહિ કે એ ખેતરો હશે. એ કહે: "બા! પેલું શું પાથર્યું છે?"

"તને શું લાગે છે?"

શારદા કહે: "શેતરંજીઓ ને આસનો આમ શું કામ પાથરી રાખ્યાં હશે?"

અમે સૌ હસી પડયાં.

ઉપરથી નદીઓ ને દૂરદૂરનાં ગામો જોવાની ભારે મજા પડી. નદીઓ તો જાણે ધોળી ધોળી રૂપાની પટ્ટીઓ, ને ગામો જાણે ટપકાં ટપકાં! નજર કેટલે ય દૂર સુધી પહોંચે.

: ૬ :

"જય ગુરુ ગોરખનાથ! જય ભૈરવ! જય નાથ!" કરતાં અમારામાંથી કેટલાંક ઊપડયાં. શારદા ને બાલુના ભાર નહિ કે ચાલીને પહોંચે; એટલે તેમને ડોળીમાં મોકલી દીધાં. એટલાં થાક્યાં હતાં કે આગળ વધવાની શ્રદ્ધા જ ન રહી. પછી અમે ગોમુખી જોઈ. નાહીધોઈ પૂજાપાઠ કરતાં હતાં ત્યાં દત્તાત્રેયવાળી મંડળી આવી પહોંચી. શારદા ને બાલુ ડોળીમાંથી કૂદી પડયાં. ભૂખ તો એવી લાગી હતી કે સહુ ચૂપચાપ ખાવા જ લાગી ગયાં. જરાક પેટમાં પડયું એટલે વાત ચાલી.

બાલુ કહે: "આજે ભાતું બહુ મીઠું લાગે છે. માશીએ સરસ બનાવ્યું છે!"

માશી કહે: ના રે ભાઈ! એ તો આ ગિરનારના પ્રતાપ! આટલું ચડીને આવ્યાં તે સૂકો રોટલો પણ મીઠો લાગત!"

શારદા કહે: "એ તો ગળી પૂરી એટલે મીઠી લાગે છે. બા! અમે તો ઊતર્યાં ને ચડયાં ને એવું બન્યું."

બાલુ કહે: "શારદા સાચું કહે છે; ત્યાં એમ જવાય છે. પહેલાં નીચે ઊતરવાનું, પછી પાછું ચડવાનું. જવાનું બહુ અઘરું છે. બિચારા ડોળીવાળા તો હાંફતા હતા. કાંઈ પરસેવો વળ્યો હતો! વચ્ચે વચ્ચે થાક ખાવો પડે! નીચે એટલું ઊંડું કે અમને જોવાની યે બીક લાગે, અમને થતું હતું કે અહીંથી પડી જઈશું તો? શારદાએ તો મને પકડી જ રાખેલો!"

: ૭ :

પથ્થરચટ્ટીથી ત્રણ વાગે શેષાવન જોવા નીકળ્યાં. વાંદરાની જેમ ચાર પગે ચાલીને જવું પડે એવું છે.

શેષાવન કાંઈ રમ્ય! આંબાની સુંદર ઘટા હોય, જાતજાતની વેલીઓ વૃક્ષો ઉપરથી લટકતી

હોય, ને વનપક્ષીઓ કિલકિલાટ કરતાં હોય. કેવું સુંદર! રામચંદ્રજી અને સીતાજી રહ્યાં હતાં તે આ વન—

**" સખી ત્રીજા તે વનકેરી આડી રે :**
**સારી શોભે સીતાજીની વાડી રે."**

તે આ જ વાડી હશે.

શેષાવનમાંથી તો ઊઠવાનું મન જ ન થાય. પણ સાંજ પહેલાં ઉપર પહોંચવું જ જોઈએ એટલે અમે ઊઠયાં ને ધીમે ધીમે કરતાં ઉપર પહોંચ્યાં. પણ શેષાવનની શોભા તો આંખમાં રહી જ ગઈ.

રાતવાસો ઉપરકોટમાં રહી સવારે વહેલાં ઊઠી ઉપરકોટનાં દહેરાં જોવા તૈયાર થયાં.

એકમાંથી બીજામાં ને બીજામાંથી ત્રીજા-માં એમ કરતાં કેટલાંય દહેરાં જોઈ વળ્યાં.

બાલુ ને શારદા તો દહેરાંની કારીગરી જોતાં ધરાય જ નહિ. મારી બહેન કહે : "પાલિતાણા કરતાં યે મને તો અહીંનાં દહેરાં બહુ ગમે." સાચે જ, કારીગરી સાદી છતાં મનોહર હતી.

: ૮ :

ઉપરકોટ જોઈ અમે નીચે ઊતર્યાં. જાત-જાતનાં ને ભાતભાતનાં ફૂલો વીણતાં વીણતાં ને



રાણકદેવી ને રા'ખેંગારની વાતો કરતાં કરતાં નીચે ઊતર્યાં. રસ્તો ક્યારે ખૂટયો તેની ખબર જ ન પડી. નીચે આવ્યાં ત્યારે નવાઈ લાગી કે આટલો ઊંચો ડુંગરો ઘડીકમાં કેમ કરીને ઊતરી ગયા હોઇશું!

તળેટીએ ગયાં ને ગાડીમાં બેઠાં.

જતાં જતાં ગિરિરાજને સહજે અમારાથી વંદન થઈ ગયું.

☆

# આબુરાજ

ખરેખર, આબુરાજ જેવા જેવો, માણસે એક વાર તો જોવો જ જોઈએ. ત્યાં જવું હોય તો પહેલાં આબુરોડ સ્ટેશને ઊતરજે, ને ત્યાંથી જજે માઉન્ટ આબુ ઉપર.

ત્યાં જઈને "રઘુનાથજી કા મંદિર"માં ઉતારો કરજે. ડુંગરા વચ્ચે જ એક મોટું બધું તળાવ છે, ને તળાવને કાંઠે આ મંદિર છે. અહીં સવારે, બપોરે સાંજે ને રાત્રે નવી નવી શોભા દેખાય છે. ને જો ચાંદની હોય તો તો ઓહો! પાણીમાં લીલા ડુંગરા ડોલતા હોય; ચાંદાએ તો જાણે પાણીમાં ડૂબકી મારી હોય, ચાંદનીમાં તળાવનાં પાણી ચળકે ને ચારેકોર તેજ તેજ ઝળકે. જોઈને થાય : "કેવું સરસ !"

આનું નામ નખી તળાવ.

નખીનું પાણી બરફ જેવું ઠંડું ને મીઠું : જાણે ખોબે ખોબે પીધા જ કરીએ ! અહીં ના'વા-ધોવાની ને તરવાની બહુ મજા. પણ જોજે હો,

માઉન્ટ=ડુંગરો



ત્યાંની સ્ત્રીઓ જ્યાં ના'ય-ધૂએ છે તે બાજુએ ભૂલેચૂકે ન જતા. પાણીમાં બધી જૂ, જૂ, જૂ ! આપણાં કપડાંમાં કે વાળમાં એકાદ જૂ ભરાઈ આવ્યાં તો થઈ રહ્યું !

આબુ ગયા એટલે રોજ દસ-પંદર માઈલ તો ચાલી જ નાખવું જોઈએ. હવા એટલી સારી કે ચાલતાં થાક જ ન લાગે. પછી ભૂખ લાગે ત્યારે ભલે એકલી ખીચડી ને શાક હોય, પણ ખાવાનું કાંઈ મીઠું લાગે !

પહેલાં જ અર્બુદા માતાનાં દર્શન કરજે એ તો આબુ પર્વતની માતા. ડુંગરના એક શિખર ઉપર એક ભોંયરું છે. સૂતાં સૂતાં જ અંદર ઊતરવું પડશે, ને દીવી પ્રગટશે ત્યારે માતાજીનાં દર્શન થશે. એ અધ્ધરદેવી પણ કહેવાય છે. માતાની પાછળની બાજુએ એક ભોંયરું છે. ત્યાંથી કહે છે કે માતા નખી તળાવે નહાવા જાય છે; તે જોજે. ચોસઠ જોગણીઓ જોજે ને કેટલી યે વાતો સાંભળજે. જતાંઆવતાં રસ્તામાં થોડાંએક પાકાં કરમદાં ને કાચી કેરી પણ ખાતાં આવજે.

પણ ખૂબ ખૂબ પાકાં પાકાં કરમદાં ખાવાં

હોય ને મોટી રાતી રાતી કાંટી ખાવી હોય તો તો નાખી તળાવની બીજી બાજુએથી નીકળીને અનાદ્રા પૉઇંટ ઉપર જજો. પછી કરમદાં ને કાંટી ખાજો જેટલાં ખાવાં હોય તેટલાં; ને સાથે અમે બનાવેલી લીટી ગાતા જજો—

> " કાંટી ખાધી કરમદાં ખાધાં,
> કેરી તો ખાધી થોડી થોડી ! "

ખાઈ ને ધરાઈ જાઓ એટલે પછી આસ-પાસની ઊંડી ખીણ, નીચેની નદીઓ ને સામેના ડુંગરાની હારો જોજો. વાદળાં ન હોય તો સૂર્યાસ્ત પણ સુંદર દેખાશે. સૂર્યાસ્ત જોવા માટે સનસેટ પૉઇંટ અને અનાદ્રા પૉઇંટ પાસે પાસે જ છે. ઠીક લાગે ત્યાંથી સૂર્યાસ્ત જોજો.

વચ્ચે વચ્ચે આબુની બજાર તો જોજો જ. ત્યાં મારવાડી ને મારવાડણો દેખાશે; મારવાડીનાં કપડાં ને વાસણો જોવાશે; નવી જાતની મીઠાઈની દુકાનો પણ દેખાશે.

પણ બજાર જોવામાં મજા ન પડે તો નખી તળાવ ફરતાં ફરજો. કાં તો ચંપાગુફા ને એવી એવી બીજી ગુફાઓ જોજો, ને ત્યાં રહેતા



મહાત્માઓનાં દર્શન કરજો, ટાડરૉક ઉપર જઈને દેડકરાજ જોજો; ધૂબકો ખાવા તૈયાર થઈને બેઠેલો છે. તમારાથી દસગણો તો એ ઊંચો છે. માથું ઊંચું કરીને બેઠો છે. તમને થશે, આ ઘડીએ જ ધબ કરતો પડશે પાણીમાં ! પણ એ તો મોટો પથરો છે; એ કાંઈ પડતો નથી.

ત્યાં ઊભાં ઊભાં આખો આબુરાજ દેખાશે. જયપુરની કોઠી ને જોધપુરની કોઠી; બિકાનેરની કોઠી ને લીંબડીની કોઠી. આવી આવી કોઠીઓ દેખાશે. કોઠી એટલે દાણા ભરવાની કોઠી નહિ હો ! રાજાઓના ત્યાં જે ઉતારા છે, તેને કોઠીઓ કહે છે.

દૂર દૂરથી માણસો જોવા આવે છે તે કાંઈ દેડકરાજ માટે નહિ; એ તો જાય છે સીધા દેલ-વાડાનાં મંદિરોમાં. આગ્રામાં જુઓ તાજ ને દેલવાડામાં જુઓ જૈનમંદિરો. બધાં મંદિરો આરસનાં. શું એનું કોતરકામ ! અદ્‌ભુત ! એટલું બધું સુંદર એટલું બધું સુંદર, કે જોતાં ધરાઈએ જ નહિ. પણ આ બધું ઊંચી ડોક કરીને જોવું પડે ને ડોક આવે દુખવા. ત્યારે ? ધુમ્મટ

---

ટોડ=દેડકો    રૉક=ખડક    ધૂબકો=કૂદકો

નીચે સુંવાળા ઠંડા આરસ ઉપર લાંબા થઈને સૂઈ જવું ને સૂતાં સૂતાં નિરાંતે જોવું. ઝીણી નજરે જોવું. પછી કેટલું યે દેખાશે. જાતજાતના નાચ શીખવા હોય તો ત્યાંથી જડશે; હસ્તિદળ અને અશ્વદળ–હાથીઓ ને ઘોડાનાં સૈન્યોનાં યે સુંદર ચિત્રો જડશે. પાન-ફૂલની તો જાતજાતની ને ભાતભાતની સુંદર ઘટના-ઓ કેટલી યે જોશો. હાથીઓ જોઈને તો ખુશખુશ થઈ જશો. ભગવાનની મૂર્તિઓ પણ ભારે પ્રભાવ-શાળી દેખાય છે. એક મહિના સુધી જોયા કરશો તો યે થશે કે હજી તો જોવાનું અધૂરું જ છે. એવાં આ મંદિરો ને એવી એ કોતરણી!

આ તો માણસે કરેલી શોભા જોઈ. ચાલો હવે કુદરતની શોભા જોવા સામી દિશાએ. જુઓ પેલો વસિષ્ઠાશ્રમ. ત્યાં એકલા ચંપા જ ચંપા! ચંપાનું જ જાણે વન. પીળા સોનચંપાનાં મોટાં મોટાં ઝાડો ને ફૂલોનો તો પાર જ નહિ. કેટલાંક લેશો ને કેટલાંક સૂંઘશો?

ગૌમુખીનો કુંડ પણ અહીં જ છે. એના ઠંડા પાણીમાં નહાવાની મજા પડે છે; પણ તરવું હોય ને પાણીમાં રમતગમત કરવી હોય તો નખી તળાવે જ જવું. અહીંનો પહોરાવાળો બાવો તમને



ચોખ્ખેચોખ્ખું સંભાળાવશે : "ઇશ્વર તીરથ હૈ. પાની બિગાડને કા નહિ."

આબુથી વસિષ્ઠાશ્રમ જવાનો રસ્તો જરા આકરો કહેવાય. પણ આટલે સુધી આવીને ત્યાં તો જવું જ જોઈએ.

આબુ ગયા તો દેલવાડાનાં મંદિરો ને વસિષ્ઠાશ્રમ તો જોવાં જ જોઈએ. જૈન હો તો તો અચલગઢ ગયા વિના ચાલે જ નહિ. હિંદુ હો ને પગમાં જોર હોય તો ગુરુશિખરે ગયા વિના પાછા ન જ ફરાય.

એવી લાત ચાલે છે કે આબુ ઉપર એક રાણી રહેતી. તેને એક કુંવરી. કુંવરી જેવી રૂપે તેવી ગુણે. રાણીને તે એટલી તો વહાલી કે તેને પરણીને કોઈ લઈ જાય તે એને ન ગમે. રાણીએ પણ લીધું કે એક રાતમાં જે કોઈ ચાર રસ્તા કરી આપે તેને કુંવરી પરણાવું : એક રસ્તો વસિષ્ઠાશ્રમ સુધી, ને એક અચલગઢ સુધી; એક દેલ-વાડા સુધી ને એક ગુરુશિખર સુધી. મોટા મોટા ડુંગરા ખોદવાના ને ઘટાટોપ ઝાડી કાપવાની; તે એક રાતમાં કેમ બને?

ઘણા કુંવરો આવ્યા ને વીલે મોઢે પાછા

ગયા. એક વાર એક ભીલ રાજા આવ્યો. એનું નામ રસિયો વાલમ. એ કહે : "હું કરું રસ્તો." એ તો લાગી પડ્યો ખોદવા. રાતના ત્રણ વાગ્યા ત્યાં સુધીમાં ત્રણ રસ્તા કરી નાખ્યા. રહ્યો એક ગુરુશિખરનો. અડધો કર્યો ત્યાં રાણીને થયું : અરે! આ તો સવાર પહેલાં ચોથો રસ્તો પણ કરી નાખશે! રાણીએ તો ચાર વાગે જ કૂકડો બોલાવ્યો.

રસિયાને થયું : "હેં! સવાર પડી ગયું? હવે કુંવરી ક્યાંથી મળે!" બિચારો નિરાશ થયો, ઝેરનો પ્યાલો પીધો ને ત્યાં જ સૂતો.

દેલવાડામાં એનું મંદિર છે. જેવો રસિયો બહાદુર એવી જ એની મૂર્તિ પણ છે. એના હાથમાં ઝેરનો પ્યાલો આપેલો છે. સામે જ કુંવરીનું મંદિર છે. કુંવરીએ પણ રસિયા વાલમ પાછળ દેહ ત્યજેલો. પાસે એક પથરાનો ઢગલો દેખાય છે. લોકો કહે છે એ રાણીનું સ્થાન છે. જતાંઆવતાં બધાં કુંવારી કન્યાને ને રસિયા વાલમને પગે લાગે છે, ને રાણીના સ્થાનક ઉપર પથરા ફેંકે છે.

ઘટાટોપ=ખૂબ ગીચ

# હિમાલયનાં દર્શને

: ૧ :

રેલગાડી ઘરઘર કરતી જતી હતી.

અમે હિમાલયનાં દર્શને નીકળ્યાં હતાં.

અમને લાગ્યું : ગાડી આટલી ધીમી કેમ ચાલે છે?

પણ ગાડી અમારું શાનું માને? અમે ઉતાવળા થયાં હતાં તેનું એને શું? એને તો રોજ હિમાલય જવું ને રોજ ત્યાંથી પાછા આવવું. દસ કલાકે પહે ચાડે.

"પણ અરે? આ આટલાં બધાં વાદળાં ક્યાંથી? કેટલાં બધાં ચળકતાં! ને એનાં રંગો? ગુલાબી ને જાંબલી. ને એની કોર તો જાણે હીરે જડી!"

અમે તો બધાં જોઈ જ રહ્યાં. જોતાં છતાં આંખ ધરાય જ નહિ. જોતજોતામાં વાદળાં ગુલાબી મટી ધોળાં થયાં.

પણ ધોળાં તે કાંઈ ધોળાં! પીંજેલા રૂના પોલ કરતાં યે ધોળાં! ધોળાં ધોળાં બગલા જેવાં!

ચળકતા ચળકતા હીરા જેવાં !

કુસુમ કહે : "બા, બા ! આ વાદળાં તો જો ! જાણે રૂના ડુંગરા !"

ગાડીના લોકો હસી પડયાં.

એકને ગુજરાતી આવડતું હતું. તે કહે : "બહેન ! આ ડુંગરા રૂના નથી; આ તો બરફના છે."

અમે બધાં ચમક્યાં. શું ! આ જ બરફના ડુંગરા ? આ જ હિમાલય ? અમે તો જાણે હર્ષઘેલાં બન્યાં.

મને મનમાં થયું : શું કરું ? પગે લાગું ? વંદન કરું ? શિર નમાવું ? કે ઉઘાડી આંખે જોયા જ કરું ? કરું શું ?

મેં પૂછયું : "ગૌરીશંકર તે આ જ કે ?"

કોઈએ કહ્યું : "ના ના; ગૌરીશંકર તો બહુ ઊંચું છે ને પાછળ છે; અહીંથી તે નથી દેખાતું."

"ત્યારે આ કયાં શિખરો ?"

"આ તો કંચનગંગા ને ધવલગિરિ."



નાનપણમાં ભૂગોળમાં ગોખેલાં ને નકશા ઉપર ભાળેલાં : કાળાં કાળાં કંચનગંગા અને ધવલગિરિ !

આહાહા ! આ કંચનગંગા ને ધવલગિરિ ? ક્યાં આ હિમાલયનાં હિમશિખરો, ને ક્યાં પેલાં નકશા ઉપરનાં કાળાં શિખરો !

હિમાલયનાં દર્શન કરતાં કરતાં ને એની વાતો કરતાં કરતાં અમે હિમાલયની તળેટીમાં હિમાલયના પગ પાસે આવી પહોંચ્યાં. અહીંથી અમારી ગાડી પર્વત ઉપર ચડવા લાગી. હવે બરફનાં શિખરો દેખાતાં બંધ થયાં. ગાડી ધીમે ધીમે જતી હતી; વાંકીચૂકી જતી હતી; જંગલો અને પર્વતની વચ્ચેથી જતી હતી.

અરે ! પેલાં ખેતરો અને મેદાનો તો છેક નીચે રહી ગયાં ! પેલાં મોટાં મોટાં ઝાડો તો જાણે ઘાસ ઊગ્યું !

અમારી ગાડી એટલી બધી ઊંચે ચડી હતી.

: ૨ :

"આ શું ? ઘડીકમાં રાત કેમ પડી ગઈ ? કેટલા વાગ્યા ?"

અરે, રાત કેવી? હજી તો ત્રણ ઉપર દસ જ થઈ છે.

"ત્રણ વાગ્યા છે? બપોરના ત્રણ? ત્યારે રાત જેવું આટલું અંધારું કેમ છે? ને ગાડીમાં તો દીવા પણ થયા. અરે! હવે તો ઝાડવાં પણ દેખાતાં નથી. અને બારી બહાર બધું ઝાંખું ઝાંખું કેમ છે? ને ગાડીના દીવા પણ ઝાંખા ઝાંખા? શું અહીં ત્રણ વાગે જ રાત પડે છે?"

"ના; ત્રણ વાગે તો નહિ, પણ પાંચ વાગે પૂરેપૂરું અંધારું થઈ જાય છે. ત્રણ-ચાર વાગે એટલે અહીંનો સંધ્યાકાળ."

"એટલે અત્યારે સાંજ પડે છે, ખરું? પણ સાંજ પડતાં એકદમ આટલું બધું અંધારું કેમ થઈ ગયું? આ તો વરસાદ હોય એના જેવું દેખાય છે."

"હજી સાંજ તો પડી નથી, ને વરસાદ પણ નથી પડતો; પણ ધુમ્મસ જામ્યું છે. આ અંધારું ધુમ્મસને લીધે છે."

"ધુમ્મસ? ઘડીકમાં ક્યાંથી આવ્યું?"



"એ આવ્યું નથી; આપણે ધુમ્મસમાં આવ્યાં છીએ."

"તે કેમ?"

"આપણી ગાડી એટલી બધી ઊંચી ચડી છે; એટલે કે હવે આપણે વાદળાંમાં આવ્યાં છીએ."

"એમ! ધુમ્મસ એટલે વાદળાં કે?"

"હાસ્તો."

"આહો! નીચે હોઈએ ત્યારે ઊંચે ઊંચે વાદળાં દેખાય છે તેની જ વચ્ચે આપણે છીએ? ત્યારે તો આપણે આકાશમાં આવ્યા. વાહવાહ! આજે તો પવિત્ર થયાં. પવિત્ર હિમાલયનાં વાદળાં આપણને અડયાં!"

: ૩ :

વૃક્ષો તો હિમાલયનાં જ : સીધાં ને ઊંચાં. જાણે કે ગાતા હોય—

**"નહિ નમશે રે નહિ નમશે,**
**આ શીશ અમારું નહિ નમશે."**

ખરેખર! ગમે તેટલો પવન આવે, ગમે તેટલો વરસાદ પડે, ગમે તેટલી ટાઢ પડે, ભલે

બધાં પાન ખરી જાય, ભલે થડ ઉપર ધોળાકાળા ડાઘ પડી જાય, ભલે સાવ કંગાલ થઈ જાય, તો યે તેમનું માથું તો ઊંચું ને ઊંચું; તેમનું કાઠું તો ટટ્ટાર ને ટટ્ટાર જ. હિમાલયનાં વૃક્ષો ને તેનાં ફળફૂલની શી વાત કરીએ!

જ્યાં વનદેવીનો જ ફૂલબાગ ને ફળવાડી હોય ત્યાં પૂછવું જ શું? કેવા એના રંગો! કેવાં એનાં રૂપો! ને શી પશુપક્ષીઓની શોભા!

બીજું તો ઠીક, પણ અહીંનાં ગધેડાં યે રૂપાળાં. એમના વાળ ધોળી સુંવાળી ઊન જેવા.

અહીંનાં ડુંગરી માણસોનાં છોકરાંઓના ગુલાબી ગુલાબી ગાલ જોતાં ધરાઈએ જ નહિ. ને એમની બોલી કાંઈ મીઠી! સાંભળ્યા જ કરીએ; સાંભળ્યા જ કરીએ!

મને થયું: આ બાળકો માટે અહીં બાલમંદિર ઉઘાડ્યું હોય તો! તેમને નાક, હાથ ને મોઢું સાફ કરવાનું બતાવાય. એ પણ રમતિયાળ તો છે જ, એટલે સાફસૂફ થઈ ને

કાઠું=બાંધો



પછી સુખેથી રમે ને કૂદે. બાલમંદિરમાં તો ઊન કાંતવાનું પણ શીખવાય."

એ લોકોની શાળા જોઈને લાગ્યું કે આ તો ઊડતા પંખીઓને પાંજરામાં પૂર્યાં કહેવાય!

અંધારી ટાઢી ભીની એવી ઓરડીઓમાં છોકરાં ભણતાં હતાં. નકશા ઉપર હિમાલય જોતાં હતાં; કંચનગંગાનું ભવ્ય શિખર તેમને ત્યાં શોધવું પડતું હતું! મને થયું કે પેલાં બહાર ઊભેલાં કંચનગંગા ને ધવલગિરિ તો ખડખડ હસીને કહેતાં હશે: એ આ રહ્યાં અમે. જરાક વાદળાં પાછળ સંતાયાં હતાં. ત્યાં તો અમને કાગળ ઉપર શોધવા નીકળ્યાં? રોજ ભેગાં જ વસો છો તોય સાવ ભૂલી ગયાં? એ ગાંડા ન થાવ; અહીં આવો, અહીં. આપણે રોજની જેમ સંતાકૂકડી રમીએ.

: ૪ :

આહો! ત્યાંની ટાઢ તે કાંઈ ટાઢ! અમે તો ભારે હિંમત કરીને સરખું બોલવા જઈએ, પણ ત્યાં તો પે–પે–પે જ થઈ જાય; અમને ત્યાં ખરી ખબર પડી કે ઠંડા મુલકના માણસો ચા

શા માટે પીતા હશે ! અમને લાગ્યું : આ આપણે કેવાં મૂરખાં કે ગરમી થતી હોય, પરસેવો ચાલ્યો જતો હોય, ને છતાં ચાને આપણે રકાબીમાં કાઢીને ફૂંક મારી મારીને પીએ છીએ !"

ત્યાં તો બધું એની મેળે જ ઠરી જાય; ઘડીકમાં જ ઠરી જાય. અમને તો અહીંની ટેવ. ગરમાગરમ દાળ આવે એટલે અમે તો તે ઠરવાની રાહ જોઈએ અથવા વાતો કરવામાં ઝટઝટ ગરમાગરમ ખાવાનું ભૂલી જઈએ. ને પછી જોઈ લ્યો; બધું ઠરીને ઠીકરું થઈ જાય !

હિમાલય ઉપર ઘડીકમાં રાત પડી જાય. ત્યાંના લોકો બપોરે બે વાગે ફરવા ને ક્રિકેટ રમવા નીકળે. અને ચાર વાગે ત્યાં તો બત્તીઓ થઈ જાય. જાણે રાતના નવ વાગ્યા !

અને રાત્રે ?

અરે બાપ રે ! રાતની ઠંડી ! અમે તો ઓઢવાનું લઈ ગયાં હતાં, પણ કેમે કરીને હૂંફ વળે જ નહિ ને ! ઝાઝું ઓઢીએ એટલે ભાર લાગે ને ગૂંગળાઈ જઈએ; ને ઓછું ઓઢીએ



તો ટાઢ વાય ને ઊંઘ ન આવે. પછી તો અમારાં ડોશીમાએ અમને એક ઓઢવાનું આપ્યું. તેની એક બાજુએ ઘેટાનાં શરીર ઉપર હોય તેવા એકલા વાળ જ હતા. ઓરડામાં એક મોટી સગડી સળગાવી. ખૂબ ગરમી થઈ એટલે પછી ઊંઘ આવી : ગાઢ ને મીઠી.

: ૫ :

હિમાલયનાં દર્શનથી પ્રસન્ન થઈ અમે પાછાં વળ્યાં; નીચે ઊતર્યાં. મનમાં થતું હતું : આપણો હિમાલય ! સર્વ ઔષધિનો રાજા. ફળફૂલનું ઉપવન ! મન ફુલાયું : આ કંચનગંગા ને ધવલગિરિ ! આપણું ગૌરીશંકર ! આપણાં પાર્વતીજીના પિતાશ્રી ! અહા, શો આપણો હિમાલય !

પણ ખરો હિમાલય કંઈ ગાડીમાં બેસીને જોવાય ? આપણું તીર્થસ્થાન હિમાલય તો જુદો જ. એ તો હરદ્વારથી ઉપર બદ્રીકેદાર જઈએ, ગંગોત્રી જઈએ, માનસ-સરોવર જઈએ, ને કૈલાસનાં દર્શન કરીએ, ત્યારે હિમાલય ગયા કહેવાઈએ. આ રેલગાડીમાં બેસીને જવાનો

હિમાલય તો સાહેબ લોકોને ને શેઠિયા લોકોનો. ત્યાંકોઈ સંન્યાસી મહાત્મા ન મળે; ત્યાં ભોળા ભાવિક જાત્રાળુઓ પણ ન મળે. ત્યાં કાંઈ ખરાં દર્શન ન થાય.

★